રા.મ.ન.પા./આવાસ/ટેકનીકલ/જા.નં. ૧૭૨૬ તા. ૧૩/૦૭/૨૦૨૬

<u>વિષય : તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ</u>

**સભ્યશ્રીનું નામ: શ્રી ઇબ્રાહીમભાઇ ઓસમાણભાઈ સોરા વોર્ડ નં. : ૧૬**

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૮ | 1 | વોર્ડ નં. ૧૬ માં રીવરફ્રન્ટ નદી કાંઠાના કેટલા મકાનો ડીમોલેશન કરવામાં આવેલા છે ટી.પી. રોડ બાદ કરતા, જે મકાનો ડીમોલેશન થયેલા તે લોકોની અવેજીમાં કોઈ વૈકલ્પીક વ્યવસ્થા કરવામાં આવેલ હોય તેની વિગતો સાથે આપવી.<br>ડીમોલેશન થયેલા મકાનના લોકોને ભાડાની વ્યવસ્થા કરેલ કે નહીં, તેની વિગતો આપવી. | વોર્ડ નં. ૧૬ માં રીવરફ્રન્ટ નદી કાંઠાના ડીમોલેશન થયેલા આવાસોની અવેજીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-૨.૦ ની માર્ગદર્શિકા અનુસાર પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે. હાલ સુધીમાં ૧૦૬ લાભાર્થીઓને આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે તથા ૫૪૦ લાભાર્થીઓની યાદી ડ્રો માટે મોકલવામાં આવેલ છે. નદી કાંઠે વસતા લોકો માટે અનટેનેબલ પ્રકારના આવાસો સિવાય સદરહુ લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થા અથવા ભાડા આપવા અંગે પ્રધાનમંત્રી આવાસ યોજનાની પોલીસીમાં કોઈ જોગવાઈ નથી. |

<u>માર્ગદર્શિકા</u> : પ્રધાનમંત્રી આવાસ યોજના-૨.૦ ની માર્ગદર્શિકા અનુસાર લાભાર્થીઓની પસંદગીની પ્રક્રિયામાં કટ ઓફ ડેટ ૦૧/૧૨/૨૦૨૦ કરવામાં આવેલ છે. તેમજ તેઓને અન્ય કોઈ જગ્યાએ પોતાની માલિકીનું મકાન ન હોવું જોઈએ.

<u>આધારપુરાવાઓ</u> : સર્વેમાં નામ, આધારકાર્ડ, રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ, લાઈટબીલ, જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, ડ્રાઈવિંગ લાઇસન્સ, સંયુક્ત ઇલેક્ટ્રિક મીટર, BPL કાર્ડ, બેંક એકાઉન્ટ પાસબુક, નિયત સોગંદનામું (ઉક્ત પૈકી કોઈપણ બે આધારપુરાવાઓ + નિયત સોગંદનામું)

<u>અરજીઓની વિગતો</u>

હાલ સુધીમાં આવેલ અરજીઓની વિગતો : ૯૧૨, પાત્રતા ધરાવતા લાભાર્થીઓ - ૬૪૬

<u>ફાળવણી</u> : હાલ સુધીમાં પાત્રતા ધરાવતા ૬૪૬ લાભાર્થીઓ પૈકી ૧૦૬ લાભાર્થીઓને સોરઠીયાવાડી આવાસ યોજના (વીર તાત્યાટોપે ટાઉનશીપ) આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે તથા ૫૪૦ લાભાર્થીઓની યાદી ડ્રો માટે મોકલવામાં આવેલ છે.

શાખા: આવાસ યોજના (ટેકનીકલ) વિભાગ

શાખાધિકારીનીસહી: ______

શાખાધિકારીનું નામ: શ્રી પી.ડી.અઢીયા

હોદ્દો : સીટી એન્જીનીયર

સાદર નકલ રવાના:

૧. નાયબ કમિશનરશ્રી, સેન્ટ્રલ ઝોન